Janmabhoomi News paper, Mumbai/ Date: 02-01-2008


।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

જન્મભૂમિ

Janmabhoomi 2-1-2008 Mumbai


# 'તારે ઝમીન પર' ફિલ્મના કારણે હું જાણીતો થયો



**એક** ચિત્ર કે કેરેક્ટર હાલતુંચાલતું લાગે એ માટે સિરિઝ ઑફ ડ્રોઈંગ કે પિક્ચર્સ બનાવવા પડે. નિર્જીવ વસ્તુ પાસે કલ્પનામાં આવે એવું બધું કરાવી શકાય એ એનિમેશનમાં શક્ય છે, સામાન્ય કેમેરાથી શક્ય નથી. એ બધું એનિમેશનમાં દર્શાવી શકાય. એક ચિત્ર જેવું જ ચિત્ર છેલ્લે સુધી રહેવું જોઈએ. એક સેકન્ડમાં ૨૪ ચિત્રો બનાવવા પડે. એટલે એનિમેશનમાં મહેનત અને ધીરજની જરૂરી છે.



'તારે ઝમીન પર' ... નિહાળતા આમિર ખાન સાથે એનિમેશન ડિરેક્ટર ધીમંત વ્યાસ

એનિમેશનની જુદીજુદી ટેક્નિક છે. ટુ-ડી એનિમેશન, કોમ્પ્યુટર જનરેટેડ થ્રી-ડી એનિમેશન, ક્લે એનિમેશન (સ્ટોપ મોશન), કટઆઉટ એનિમેશન વગેરે. ફિલ્મોમાં બાળકો માટે એનિમેશનનો ઉપયોગ ઘણો થાય છે. એ જ રીતે ગંભીર વિષયો જેવા કે 'હનુમાન', 'ગણેશ' વગેરે પર એનિમેશન ફિલ્મો બની છે. વિદેશમાં ડિઝની એનિમેશન, પીક્ષાર વગેરે એનિમેશન સ્ટુડિયો છે. આવા પ્રોડક્શન સ્ટુડિયોએ 'જંગલબૂક', 'રાટાટુઈ' જેવી ફિલ્મો બનાવી છે.

ભારતમાં એનિમેશનનો વ્યવસાય છેલ્લાં પાંચેક વરસમાં ખૂબ વિકસ્યો છે. તેમાં કારકિર્દી માટે ખૂબ અવકાશ છે. 'હનુમાન', 'ગણેશ' જેવી ફિલ્મો લોકો જુએ છે - લોકોને ગમે છે. એનિમેશન વિશે લોકો જાણતા થયા છે.

આમિર ખાનની ફિલ્મ 'તારે ઝમીન પર'માં એનિમેશનનો ઉપયોગ કરાયો છે. આ ટેક્નિકનું હોલીવૂડમાં ચલણ છે, પણ બૉલીવૂડમાં 'તારે ઝમીન પર'થી એન્ટ્રી થઈ છે અને આ ટેક્નિક લાવનાર છે

## કલાવિહાર

**કનૈયાલાલ જોશી**

એનિમેશન ડિરેક્ટર ધીમંત વ્યાસ, જે ગુજરાત (ધ્રાંગધ્રા)નાં છે.

'તારે ઝમીન પર' પ્રદર્શિત થઈ ચૂકી છે. ખૂબ ચાલી છે. એટલે ફિલ્મની કથાની વાત ન કરતાં ધીમંત વ્યાસે જે કલાકારીગરી કરી છે એની જ વાત કરી છે.

ધીમંત વ્યાસે કહ્યું, ક્લે એનિમેશનનો બૉલીવૂડની ફિલ્મમાં પહેલી વાર ઉપયોગ થયો છે. આમિર ખાનને ક્લે એનિમેશનનો આઈડિયા મેં આપ્યો. ક્લે એનિમેશન કઈ રીતે થાય છે એ જોવા આમિર મારે ઘેર આવ્યો હતો. મારું કામ જોયા પછી 'તારે ઝમીન પર'ની સ્ટોરી માટે બરાબર જામે છે એવું એને લાગ્યું ત્યારે એણે મારો આઈડિયા સ્વીકાર્યો હતો.

ધીમંતભાઈએ કહ્યું કે હું છેલ્લાં બાર વર્ષથી એનિમેશનના વ્યવસાય સાથે સંકળાયેલો છું. 'તારે ઝમીન પર'ની શરૂઆતની ક્રેડિટ માટે ત્રણ મિનિટ સુધી ક્લે એનિમેશન ટેક્નિકનો ઉપયોગ કરીને ફિલ્મના પાત્ર 'ઈશાન' અને તેમને ગમતી વસ્તુઓની ઓળખાણ આપવામાં આવી છે. ફિલ્મની સ્ટોરી સાથે એનિમેશન વર્કનો તાલમેલ બરાબરનો છે.

આમિરની આ ફિલ્મ સાથે ધીમંત વ્યાસ નામના એનિમેશન ડિરેક્ટરનું નામ પ્રકાશમાં આવ્યું. ધીમંતભાઈ એકાએક ચમકી ઊઠ્યા છે એવું નથી. એમની કલાયાત્રા અને સિદ્ધિઓની વાતો એમની પાસેથી જાણીએ.

એમણે કહ્યું, અત્યાર સુધી મેં એમ ટીવી માટે પ્રોમોઝ કર્યા. ટીવી એડ અને શોર્ટ ફિલ્મો બનાવી, પણ 'તારે ઝમીન પર'ના કારણે મને લોકો જાણતા થયા. એનિમેશનનો ઉપયોગ કઈ રીતે થઈ શકે એ પણ બૉલીવૂડ ઈન્ડસ્ટ્રીને ખબર પડી. 'લગાન'ની ડીવીડીનું ખાસ બોક્સ બહાર પડ્યું ત્યારે મેં ડેમોના બધા કેરીકેચર બનાવ્યા હતા ત્યારે હું યુ.કે.માં હતો. ત્યાંથી બનાવીને મોકલ્યા હતા. હું એનિમેશન વર્ક કરું છું એ આમિરને ખબર હતી એટલે 'તારે ઝમીન પર' વખતે એણે મને કામ સોંપ્યું.

ધીમંત વ્યાસે એનિમેશન વર્કમાં કૌશલ્ય પ્રાપ્ત કરવા વલ્લભવિદ્યાનગરમાં ફાઈન આર્ટસનો અભ્યાસ કર્યા પછી અમદાવાદની એનઆઈડીમાંથી સ્પેશિયાલાઈઝેશન ઈન એનિમેશન ફિલ્મ ડિઝાઈન સાથે એડ્વાન્સ ડિપ્લોમા

(અનુસંધાન પાનું ૨)

Janmabhoomi News paper, Mumbai/ Date: 02-01-2008

।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

જન્મભૂમિ

Janmabhoomi 2-1-2008 Mumbai

(છેલ્લા પાનાથી ચાલુ)

## ‘તારે ઝમીન પર’...

કર્યો, જ્યાં તેમણે એનિમેટરની કુશળતા જાણી લીધી. ભારતમાં ફુલે એનિમેશન (સ્ટોપ મોશન)ની શરૂઆત થઈ હતી. એ સમયે યુકેની રૉયલ કોલેજમાં ટેક્નિક વિશે વધુ અભ્યાસ કર્યો. ટુડી ક્લાસિકલ, કટઆઉટ, મટેરિયલ, સેન્ડ, પીક્સીલેશન, ફ્લેશ, સ્ટૉપ મોશન વગેરે જેવી ટેક્નિકમાં એનિમેશન સર્જવાનો વિશાળ અનુભવ મેળવ્યો છે. ‘તારે ઝમીન પર’ની પહેલાં કી’એઅર કમ્ફોર્ટ યુએસએ, ટીવી સિરિઝ ફોર યુએસએ, સ્ટૉપ મોશન એનિમેશન કંપની- આર્દમાન એનિમેશન લિ. (યુકે)માટે કામ કર્યું હતું. બીસીસીની એનિમેશન સિરિઝ ‘ઓન ધ એર’ સાથે સંકળાયેલા હતા. હાલમાં તાતા ઈન્ટરેક્ટિવ સિસ્ટમમાં ડેપ્યુટી હેડ એનિમેશન તરીકે સેવા બજાવે છે.

ધીમંત વ્યાસે બાળકો માટેની શોર્ટ ફિલ્મ ‘ક્યુટબન્ની’ માટે સ્પેશિયલ જુરી એવૉર્ડ (૨૦૦૫), એ જ ફિલ્મ માટે ‘કાફી ફેસ્ટિવલ’ (૨૦૦૩)માં ગોલ્ડ મેડલ, ‘હોરર’ સિંગાપોર- ૨૦૦૦ (એમ ટીવી સ્ટોપ) માટે પ્રો-એક્સ એવૉર્ડ, ટીવી કમર્શિયલ ‘બાયો-વાય સ્નોર’ માટે ગોલ્ડ એવૉર્ડ અને ૫૫મા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફિક સેલોન જવાનમાં ફોટોગ્રાફી માટે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

બાળપણથી કળાક્ષેત્રમાં ઝંપલાવવાના સપનાં જોતા ધીમંત વ્યાસે કહ્યું કે ‘તારે ઝમીન પર’ ખૂબ સારી ફિલ્મ છે. હું નસીબદાર છું કે આવી સારી ફિલ્મ માટે આમિર ખાને મને તક આપી. આ ફિલ્મના પગલે મારા માટે ઘણી ઈન્કાવયરી આવી છે. રાકેશ મહેરા અને ‘રંગ દે બસંતી’ના ડિરેક્ટર શેખર કપૂરે મને અભિનંદન આપ્યાં હતાં.

એનિમેશન વ્યવસાયની તકો ભારતમાં વધી રહી છે એ વિશે એમણે કહ્યું છે વિદેશની માર્કેટ ભારતમાં આવી રહી છે. પહેલાં ફિલિપિન્સ, ઑસ્ટ્રેલિયા અને કોરિયામાં કામ થતું હતું એ બધી માર્કેટ ભારતમાં આવી રહી છે. એક તરફ આઉટસોર્સિંગ થાય છે, બીજી તરફ એનિમેશન સિરિયલોનું પ્રોડક્શન શરૂ થયું છે. હું પોતે એનિમેશન સ્ટુડિયો ઊભો કરવા માગું છું. જ્યાંથી નાની ટીમની મદદથી એનિમેશન સિરિયલ, પિક્ચર, શોર્ટ ફિલ્મ, ટીવી એડ્ બનાવી શકાય.

વિશેષ માહિતી માટે : dhimantvyas@rediffmail.com.